# ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮

## અનુક્રમિણકા

### પ્રકરણ ૧

### પ્રારંભિક


| કલમ | પાના નં. |
|---|---|
| ૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ | ૧ |
| ૨ વ્યાખ્યા | ૧ |
| **પ્રકરણ ૨** | |
| **ખાસ ન્યાયાધીશોનું નિમણુંક** | |
| ૩.ખાસ ન્યાયાધીશોની નિમણુંક કરવાની સતા | ૨ |
| ૪. ખાસ ન્યાયધીશોએ ઇન્સાફી કાર્યવાહી કરવાપાત્ર કેસો | ૨ |
| ૫. ખાસ ન્યાયાધીશની કાર્યરીતિ અને સતા | ૩ |
| ૬. સંક્ષિપ્ત રીતે ઇન્સાફી કાર્યવાહી કરવાની સતા | ૩ |
| **પ્રકરણ-૩** | |
| **ગુના અને શિક્ષા** | |
| ૭. હોદ્દાની રૂએ કરવાના કૃત્યના સંબંધમાં કાયદેસરના મહેનતાણા સિવાય રાજય સેવક પરિતોષણ લેવા બાબત. | ૪ |
| ૮. રાજય સેવક ઉપર, લાંચ આપીને અથવા ગેરકાયદેસરના સાધનો દ્વારા લાગવગ કરવા માટે તોષણ લેવા બાબત | ૪ |
| ૯. રાજયસેવક સાથે અંગત વગ વાપરીને તોષણ લેવા બાબત | ૪ |
| ૧૦. કલમ.૮ અને ૯ માં વ્યાખ્યા  કરેલા ગુનામાં રાજય સેવકે દુષ્પ્રેરણ કરવા બદલ શિક્ષા. | ૫ |
| ૧૧. રાજયસેવકે કરેલી કાર્યવાહીમાં કે કામકાજમાં સંબંધિત વ્યકિત પાસેથી અવેજ સિવાય તેવા રાજયસેવકે કિમંતી વસ્તુ મેળવવા બાબત. | ૫ |
| ૧૨. કલમ.૭ અથવા ૧૧ માં વ્યાખ્યા કરેલા ગુનામાં દુષ્પ્રેરણ કરવા બદલ શિક્ષા. | ૫ |

૧૩. રાજયસેવકે ગુનાહિત ગેરવર્તન કરવા બાબત. ૫

૧૪. કલમો ૮, ૯ અને ૧૨ હેઠળ વારંવાર ગુનો કરવા બાબત. ૬

૧૫. કોશિશ કરવા બદલ શિક્ષા ૬

૧૬. દંડ કરાવવા માટે વિચારણામાં લેવાની બાબતો ૬

**પ્રકરણ-૪**

**અધિનિયમ હેઠળના કેસોની તપાસ**

૧૭. તપાસ કરવા માટેની અધિકૃત વ્યકિતઓ ૬

૧૮. બેન્કરના ચોપડા તપાસની સતા ૭

**પ્રકરણ-૫**

**ફોજદારી કામ ચલાવવા માટે મંજૂરી અને બીજી પ્રકીંણ જોગવાઇઓ**

૧૯. ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વમંજૂરી જરૂરી હોવા બાબત ૭

૨૦. રાજય સેવક, કાયદેસરના મહેનતાણા સિવાયનું પરિતોષણ લે ત્યારે તે વિષે માની લેવા બાબત. ૮

૨૧. આરોપી વ્યકિત, સાક્ષી તરીકે સક્ષમ ગણાશે. ૮

૨૨. કેટલાક ફેરફારોને આધીન રહીને, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ લાગુ પાડવા બાબત. ૯

૨૩. કલમ. ૧૩(૧)(ગ) હેઠળના કોઇ ગુનાના સંબંધમાં, તહોમતની વિગતો. ૯

૨૪. લાંચ આપનારના કથન ઉપરથી તેની સામે ફોજદારી કામ ચલાવી શકાશે નહિ. ૯

૨૫. સેના, નાૈકાદળ અને હવાઇદળ અથવા બીજા કાયદાને અસર થશે નહિ. ૧૦

૨૬. સને.૧૯૫૨ના ૪૬મા અધિનિયમ હેઠળ નિમાયેલા ખાસ ન્યાયધીશોને, આ અધિનિયમ હેઠળ નિમાયેલા ખાસ ન્યાયધીશ હોવાનું ગણવા બાબત. ૧૦

૨૭. અપીલ અને ફેરતપાસ ૧૦

૨૮. અધિનિયમ, બીજા કોઇ કાયદાની ઉપરાંતનો હોવો બાબત. ૧૦

૨૯. સને.૧૯૪૪ના ૩૮મા વટહુકમનો સુધારો ૧૧

૩૦. રદ કરવા બાબત અને અપવાદ ૧૧

૩૧. સને.૧૮૬૦ ના ૪૫મા અધિનિયમની કેટલીક કલમો રદ કરવા બાબત. ૧૧

**ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮**

**(સને.૧૯૮૮નો અધિનિયમ ક્રમાંક ૪૯)**

**(૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮)**

(સને.૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં હોય તે પ્રમાણે)

**ભ્રષ્ટ્રાચાર નિવારણને લગતો કાયદો એકત્રિત કરવા અને સુધારવા તેમજ તેની સાથે સંકળાયેલ બાબતો અંગેનો અધિનિયમ.**

સાંસદે, ભારતના ગણરાજયના ઓગણચાળીસમાં વર્ષમાં નીચે પ્રમાણે અધિનયમ કર્યો છે.

**પ્રકરણ-૧**

**પ્રારંભિક**

૧. (૧) આ અધિનિયમ, ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ કહેવાશે.

(૨) તે, જમ્મુ અને કાશ્મીર રાજય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે અને તે ભારત બહારના ભારતના સર્વ નાગરિકને પણ લાગુ પડે છે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો

(ક) ''ચૂંટણી'' એટલે સંસદના અથવા કોઇ વિધાન મંડળ, સ્થાનિક સતામંડળ કે અન્ય જાહેર સતા મંડળના સભ્યો પસંદ કરવામાં હતુ માટે કોઇપણ કાયદા હેઠળ ગમે તે સાધનો દ્રારા યોજેલી કોઇપણ ચુંટણી.

(ખ) ''જાહેર ફરજ'' એટલે જે ફરજ બજાવવામાં રાજય, જનતા કે મોટા સમુદાયનું હિત હોય તે ફરજ.

સ્પષ્ટીકરણ- આ ખંડમાં, '' રાજય'' માં કેન્દ્રીય, પ્રાંતિય અથવા રાજય અધિનિયમ થી અથવા તે હેઠળ સ્થાપેલ કોઇ કોર્પોરેશન અથવા સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના અથવા તેની સહાય મેળવતા કોઇ સતામંડળ અથવા મંડળ અથવા કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ. ૬૧૭માં વ્યાખ્યા કર્યા મુજબની કોઇ સરકારી કંપનીનો સમાવેશ થાય છે.

(ગ) ''રાજયસેવક'' એટલે-

(૧) જે સરકારની નોકરીમાં હોય અથવા સરકારના પગારદાર હોય અથવા કોઇપણ જાહેર ફરજ બજાવવા માટે, જેને ફી કે કમિશન રૂપે સરકાર તરફથી મહેનતાણું મળતું હોય તેવી કોઇ વ્યકિત.

(૨) સ્થાનિક સતામંડળની નોકરીમાં હોય અથવા તેની પગારદાર હોય તેવી કોઇ વ્યકિત.

(૩) કેન્દ્રીય, પ્રાંતિય અથવા રાજય અધિનિયમ થી અથવા તે હેઠળ સ્થાપેલ કોઇ કોર્પોરેશન, અથવા સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના અથવા તેની સહાય મેળવતું કોર્પોરેશન અથવા

કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ.૬૧૭માં વ્યાખ્યા કર્યા મુજબની કોઇ સરકારી કંપનીની નોકરી કરતી અથવા તેમાંથી પગાર મેળવતી કોઇ વ્યકિત.

(૪) જાતે અથવા અમુક વ્યકિતઓના મંડળના સભ્ય તરીકે ન્યાય નિર્ણયના કાર્યો અદા કરવા માટે કાયદાથી સતા આપેલી કોઇ વ્યકિત સહિત કોઇપણ ન્યાયાધીશ.

(૫) કોઇ ન્યાયાલયે નિયુકત કરેલ લિકવીડેટર, રીસીવર અથવા કમિશનર સહિત ન્યાય કરવાના સંબંધમાં, કોઇ ફરજ બજાવવા માટે એવા ન્યાયાલયે અધિકૃત કરેલી કોઇ વ્યકિત.

(૬) કોઇ ન્યાયાલયે અથવા સક્ષમ અધિકારીએ જેને કોઇ દાવો કે બાબત નિર્ણયાર્થે કે રીપોર્ટ કરવા માટે મોકલેલ હોય તેવા કોઇ લવાદ કે અન્ય વ્યકિત.

(૭) એવો કોઇ હોદ્દો ધરાવતી વ્યકિત કે જેની રૂએ તેને કોઇ મતદાર યાદી તૈયાર કરવાની, પ્રસિઘ્ધ કરવાની, જાળવવાની અથવા સુધારવાની અથવા કોઇ ચુંટણી કે ચુંટણીના કોઇ ભાગનું સંચાલન કરવાની સતા મળી હોય,

(૮) એવો કોઇ હોદ્દો ધરાવતી વ્યકિત કે જેની રૂએ તેને કોઇ જાહેર ફરજ બજાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય અથવા ફરજ પાડવામાં આવી હોય

(૯) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર પાસેથી અથવા કેન્દ્રના, પ્રાન્તના અથવા રાજયના કોઇ અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપેલ કોઇ કોર્પોરેશન પાસેથી અથવા સરકારની માલીકીના અથવા તેના નિયંત્રણ હેઠળના અથવા તેની સહાય મેળવતા કોઇ સતા મંડળ અથવા મંડળ અથવા કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ.૬૧૭માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇ સરકારી કંપની પાસેથી, નાણાંકીય સહાય મેળવતા અથવા મેળવેલ હોય તેવી, કૃષિ, ઉદ્યોગ, વેપાર અથવા બેન્કીંગમાં રોકાયેલ કોઇ રજિસ્ટર થયેલી સહકારી મંડળીના પ્રમુખ, સેક્રેટરી અથવા અન્ય હોદ્રેદાર હોય તેવી કોઇપણ વ્યકિત.

(૧૦) ગમે તે નામે ઓળખતા કોઇ સેવા આયોગ અથવા બોર્ડના અઘ્યક્ષ, સભ્ય અથવા કર્મચારી હોય અથવા આવા આયોગ કે બોર્ડ વતી કોઇપણ પરીક્ષાનું સંચાલન કરવા અથવા પસંદગી કરવા માટે, આવા આયોગે અથવા બોર્ડ નીમેલ કોઇ પસંદગી સમિતિનો કોઇ સભ્ય હોય તેવી કોઇ વ્યકિત.

(૧૧) કોઇપણ યુનિવર્સિટીના ગમે તે નામે ઓળખાતા કુલપતિ (વાઇસ ચાન્સેલર) અથવા કોઇ વહીવટી મંડળના સભ્ય, પ્રોફેસર, રીડર, લેકચરર, અન્ય કોઇ અઘ્યાપક અથવા કર્મચારી હોય તેવી કોઇ વ્યકિત અને પરીક્ષાઓ લેવા અથવા તેનું સંચાલન કરવાના સબંધમાં યુનિવર્સિટીએ અથવા અન્ય જાહેર સતા મંડળે જેની સેવા લેવામાં આવી હોય તેવી કોઇ વ્યકિત .

(૧૨) કેન્દ્ર સરકારે રાજયસરકાર પાસેથી અથવા સ્થાનિક કે અન્ય જાહેર સતા મંડળ પાસેથી કંઇ નાણાંકીય સહાય મેળવતી અથવા મેળવેલ હોય તેવી ગમે તે રીતે સ્થપાયેલી કોઇ શૈક્ષણિક, વૈજ્ઞાનિક, સમાજિક, સાંસ્કૃતિક અથવા અન્ય સંસ્થાના કોઇ હોદ્રેદાર કે કર્મચારી હોય તેવી કોઇ વ્યકિત.

સ્પષ્ટીકરણ :- (૧) ઉપરની પેટા-કલમો પૈકી કોઇપણ પેટા કલમ હેઠળ આવી જતી વ્યકિતઓ, રાજયસેવક છે. પછી તેમને સરકારે નિમેલી હોય કે ન હોય.

સ્પષ્ટીકરણ :- (૨) ''રાજયસેવક'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યા ત્યાં રાજય સેવકના સ્થાનનો ખરેખર અધિકાર ધરાવતી હોય તેવી દરેક વ્યકિત એમ સમજવું, પછી ભલે તે સ્થાન ધરાવવાના તેના અધિકારમાં કાયદાની કોઇ ત્રુટી હોય.

## પ્રકરણ – ૨

## ખાસ ન્યાયાધીશોનું નિમણુંક

૩. (૧) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા નીચે જણાવેલા ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે જાહેરનામામાં નિદિષ્ટ કર્યા હોય તેવા વિસ્તાર કે વિસ્તારો માટે અથવા તેવા કેસ કે કેસોના જૂથ માટે જરૂરી હોય તેટલા ખાસ ન્યાયાધીશો નીમી શકશે.

(ક) આ અધિનિયમ હેઠળનો શિક્ષાપાત્ર કોઇ ગુનો : અને

(ખ) ખંડ(ક)માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકી કોઇ ગુનો કરવાનું કે ગુનો કરવાની કોઇ કોશીશ કરવાનું અથવા તેમાં કોઇ દુષ્પ્રેરણ કરવા માટેનું કોઇપણ કાવતરું.

(૨) ફોજદારી કાર્યવાહી અધિનિયમ, ૧૯૭૩ હેઠળ કોઇ વ્યકિત સેશેન્સ ન્યાયાધીશ અથવા અધિક સેશન્સ ન્યાયાધીશ અથવા મદદનીશ સેશન્સ ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ ખાસ ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે તે લાયક ગણાશે નહિ.

૪. (૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં અથવા તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ.૩ ની પેટા કલમ(૧)માં નિદિષ્ટ કરેલા ગુનાની ઇન્સાફી કાર્યવાહી માત્ર ખાસ ન્યાયાધીશો જ કરી શકશે.

(૨) કલમ.૩ની પેટા કલમ(૧)માં નિદિષ્ટ કરેલ દરેક ગુનાની ઇન્સાફી કાર્યવાહી, જે વિસ્તારમાં તે ગુનો કરવામાં આવ્યો હોય તે વિસ્તાર માટેના ખાસ ન્યાયાધીશે અથવા યથાપ્રસંગ , તે કેસ માટે નિમાયેલા ખાસ ન્યાયાધીશે અથવા આવા વિસ્તાર માટે એક કરતાં વધારે ખાસ ન્યાયધીશો હોય ત્યારે, કેન્દ્ર સરકાર આ અર્થે નિદિષ્ટ કરે તે પૈકીના એક ખાસ ન્યાયાધીશે કરવી જોઇશે.

(૩) કોઇ કેસની ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવતી હોય ત્યારે, ખાસ ન્યાયાધીશ, કલમ ૩માં નિદિષ્ટ કરેલ કોઇ ગુના સિવાયના એવા કોઇ ગુના કે જેમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ હેઠળ તેવા જ પ્રકારની ઇન્સાફી કાર્યવાહીમાં આરોપી ઉપર તહોમત મૂકી શકાય એમ હોય, તેવી ઇન્સાફી કાર્યવાહી પણ કરી શકશે.

(૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં ખાસ ન્યાયાધીશે વ્યવહાર્ય હોય તેટલે સુધી, રોજે રોજના ધોરણે ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવી જોઇશે.

૫. (૧) ખાસ ન્યાયાધીશ, ઇન્સાફી કાર્યવાહી માટે આરોપીને પોતાની સમક્ષ હાજર કર્યા વિના ગુનાની સુનાવણી હાથ ધરી શકશે અને આરોપી વ્યકિતના ઇન્સાફી કાર્યવાહી કરતી વખતે મેજિસ્ટ્રેટે વોરંટ કેસોની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ થી ઠરાવેલી કાર્યવાહી અનુસરવી જોઇશે.

(૨) ખાસ ન્યાયાધીશ, કોઇ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ હોવાનું અથવા ગુનાની બાતમીદાર હોવાનું મનાતી કોઇ વ્યકિતનો પુરાવો મેળવવા માટે એ ગુનાને લગતા પોતાની જાણમાં હોય તેવા સમગ્ર સંજોગો સંપૂર્ણ અને સાચા પ્રગટ કરવાની શરતે એવી વ્યકિતને અને તે ગુનો કરવામાં મુખ્ય કે મદદકર્તા તરીકે હોય તેવી અન્ય દરેક સબંધીત વ્યકિતને માફી આપી શકશે તેવી રીતે આપેલી કોઇ માફી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ.૩૦૮ની પેટા-કલમો (૧) અને (૫)ના હેતુઓ માટે, તે અધિનિયમની કલમ.૩૦૭ હેઠળ આપેલી છે એમ ગણાશે.

(૩) પેટા-કલમ(૧) અથવા પેટા કલમ.(૨)માં જોગવાઇ કરી હોય તે સિવાય, ફોજદારી કાર્યરીતી અધિનિયમ.૧૯૭૩ની જોગવાઇઓ, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેટલે સુધી, ખાસ ન્યાયાધીશ સમક્ષની કાર્યવાહીઓને લાગુ પડશે અને સદરહું જોગવાઇઓના હેતુઓ માટે, ખાસ ન્યાયાધીશોનું ન્યાયાલય, સેશન ન્યાયાલય ગણાશે અને ખાસ ન્યાયાધીશ સમક્ષ ફોજદારી કાર્યવાહીનું સંચાલન કરનાર વયકિત, પબ્લિક પ્રોસીકયુટર ગણાશે.

(૫) ખાસ ન્યાયાધીશ, તેણે દોષિત ઠરાવેલ કોઇ વ્યકિતને જે ગુના માટે આવી વ્યકિત દોષિત ઠરી હોય તેવા ગુનાની શિક્ષા માટે કાયદાથી મંજૂર રાખેલી કોઇપણ સજા કરી શકશે.

(૬) ખાસ ન્યાયાધીશ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરતી વેળા, ફોજદારી કાયદા સુધારા વટહુકમ, ૧૯૪૪ હેઠળ જિલ્લા ન્યાયાધીશે વાપરવાની તમામ સતા વાપરશે અને કરવાના તમામ કાર્યો કરશે.

૬. (૧) ખાસ ન્યાયાધીશ, આવશ્યક ચીજ વસતુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ.૧૨-ક ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કોઇ ખાસ હુકમનું અથવા તે કલમની પેટા કલમ(૨) ના ખંડ (ક) માં ઉલ્લેખેલ કોઇપણ હુકમનું ઉલ્લંઘન કરવા સબંધી કોઇ રાજયસેવકે કર્યો હોવાનું કહેવાતા, કલમ.૩ ની પેટા કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરતા હોય ત્યારે, આ અધિનિયમની કલમ ૫ ની પેટા-કલમ (૧) માં અથવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ.૨૬૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, ખાસ ન્યાયાધીશ, સંક્ષપ્તિ રીતે ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરશે અને સદરહુ અધિનિયમની કલમો ૨૬૨ થી ૨૬૫ (બન્ને સહીત) ની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી, આવી ઇન્સાફી કાર્યવાહીને લાગુ પડશે.

પરંતુ આ કલમ હેઠળની સંક્ષિપ્ત ઇન્સાફી કાર્યવાહીમાં કોઇ ગુના સાબિતીના કેસમાં, ખાસ ન્યાયાધીશ, એક વર્ષથી વધુ ન હોય તેટલી મુદત સુધીની કેદની સજા કરે તો તે કાયદેસર ગણાશે.

વધુમાં આ કલમ હેઠળની સંક્ષિપ્ત ઇન્સાફી કાર્યવાહીના આરંભે અથવા તે દરમિયાન ખાસ ન્યાયાધીશને એક જણાય કે કેસનો પ્રકાર એવો છે કે, એક વર્ષ કરતાં વધારે મુદત માટેની સજા કરી શકાઇ હોય અથવા અન્ય કોઇ કારણસર સંક્ષિપ્ત રીતે કેસની ઇન્સાફી કાર્યવાહી અનિચ્છનીય છે, ત્યારે, ખાસ ન્યાયાધીશ, પક્ષકારોને સાંભળ્યા પછી, તે મુજબના હુકમની નોંધ કરશે અને તે પછી, જેની જુબાની લેવાઇ હોય તેવા કોઇ સાક્ષીઓને પાછા બોલાવશે અને મેજીસ્ટ્રેટોએ વોરંટ કેસોની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે સદરહુ અધિનિયમથી જે કાર્યરીતિ ઠરાવી છે તે અનુસાર, કેસની સુનાવણી કે ફરી સુનાવણી કરવા આગળ વધશે.

(૨) આ અધિનિયમમાં અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં વિરૂધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ સંક્ષિપ્ત ઇન્સાફી કાર્યવાહી કરી હોય તેવા જે કેસોમાં ખાસ ન્યાયાધીશ, એક મહિનાથી વધુ નહિ તેટલી કેદની અને બે હજારથી વધુ નહિ તેટલા રૂપિયાના દંડની સજા કરે તેવા કોઇ કેસમાં એવી સજા ઉપરાંત, સદરહું અધિનિયમની કલમ.૪૫૨ હેઠળ કોઇ હુકમ કરવામાં આવ્યો હોય કે ન હોય તો પણ દોષિત ઠરાવેલ વ્યકિતથી કોઇ અપીલ થઇ શકશે નહિ, પરંતુ ખાસ ન્યાયાધીશે ઉપર્યુકત મર્યાદા કરતા વધારે કોઇ સજા કરી હોય ત્યારે, અપીલ કરી શકાશે.

## પ્રકરણ ૩

## ગુના અને શિક્ષા

૭ જે કોઇ વ્યકિત, રાજયસેવક હોય અથવા હોવાની અપેક્ષા રાખતી હોય તે, પોતાના માટે અથવા બીજી કોઇપણ વ્યકિત માટે, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા સંસદ અથવા કોઇપણ રાજય વિધાન મંડળ પાસે અથવા કલમ-૨ ના ખંડ(ગ) માં ઉલ્લેખેલ કોઇપણ સ્થાનિક સતા મંડળ, કોર્પોરેશન અથવા સરકારી કંપની અથવા કોઇપણ જાણીતા કે અન્ય રાજય સેવકની કોઇપણ વ્યકિત ઉપર, કોઇપણ સરકારી કામ કરવા માટે અથવા  કરવાનું અટકાવવા માટે અથવા પોતાની સરકારી કામો કરીને, કોઇપણ વ્યકિતની તરફદારી અથવા વિરોધ દર્શાવવા માટે અથવા દર્શાવવાનું અટકાવવા માટે અથવા કોઇપણ સેવા અથવા કુસેવા બજાવવા માટે અથવા બજાવવાનો પ્રયત્ન કરવા માટે હેતુ અથવા બદલી તરીકે કાયદેસરના મહેનતાણા સિવાય ગમે તે પ્રકારનું કોઇપણ તોષણ બીજી વ્યકિત પાસેથી સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા સમંત થાય અથવા મેળવવાનો પ્રયત્ન કરે તે વ્યકિત, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા ને પાત્ર થશે અને દંડને પણ પાત્ર થશે.

સ્પષ્ટીકરણ- (ક)  ''રાજય સેવક થવાની અપેક્ષા રાખતા'' હોદ્રો ધરાવવાની અપેક્ષા રાખતી ન હોય તેવી કોઇ વ્યકિત પોતે હોદ્રો ધરાવવાની તૈયારીમાં છે અને પછી તે તેમને સેવા આપશે એક મનાવીને, બીજાઓને છેતરીને, તોષણ મેળવે તો, તે છેતરપીંડી કરવા માટે દોષિત ઠરી શકે, પણ આ કલમમાં વ્યાખ્યા કર્યા મુજબના ગુના માટે તે દોષિત થતી નથી.

(ખ) ''તોષણ'' ''તોષણ'' એ શબ્દ નાણાંકીય તોષણ અથવા નાણાંમાં અંદાજી શકાય તેવા તોષણ પૂરતો મર્યાદિત નથી.

(ગ) ''કાયદેસર  મહેનતાણુંખ '' ''કાયદેસર મહેનતાણું '' એ શબ્દો રાજય સેવક કાયદેસર રીતે માંગી શકે તેવા મહેનતાણા પૂરતા મર્યાદિત નથી, પણ જયાં તે સેવા આપતો હોય તે સરકારે અથવા સંગઠને તે સ્વીકારવા માટે છૂટ આપી હોય તે તમામ મહેનતાણાનો તેમાં સમાવેશ થાય છે.

(ઘ) '' કામ કરવા માટેનો હેતુ અથવા બદલો'' જે કોઇ વ્યકિત, પોતે જે કામ કરવાનો ઇરાદો રાખતી ન હોય અથવા કરવાની સ્થિતિ માં પોતે ન હોય અથવા પોતે કર્યું ન હોય તેવા કામ માટે હેતુ અથવા બદલા તરીકે તોષણ સ્વીકારે તે વ્યકિત, આ શબ્દ પ્રયોગમાં આવી જાય છે.

(ચ) જયારે રાજય સેવક, કોઇ વ્યકિતને, ભૂલથી એમ માનવાને લલચાવે કે પોતાની સરકાર સાથેની લાગ-વગ થી તે વ્યકિતને હક મેળવી આપશે અને આ રીતે તે વ્યકિતને, આ સેવાના બદલા તરીકે નાણાં અથવા બીજું કોઇ તોષણ રાજય સેવકને આપવા લલચાવે, ત્યારે રાજય સેવકે, આ કલમ હેઠળ ગુનો કરેલ છે.

૮. જે કોઇ વ્યકિત, પોતાના માટે અથવા બીજી કોઇપણ વ્યકિત માટે, કેન્દ્ર સરકારની અથવા કોઇપણ રાજય સરકારની અથવા સંસદ અથવા રાજય વિધાન મંડળની અથવા કલમ-૨ ના ખંડ (ગ) માં ઉલ્લેખેલ કોઇપણ સ્થાનિક સતા મંડળ, કોર્પોરેશન અથવા સરકારી કંપનીની અથવા કરવાનું અટકાવવા માટે અથવા આવા રાજય સેવકના સરકારી કામો કરીને કોઇપણ વ્યકિતની તરફદારી અથવા વિરોધ દર્શાવવા માટે અથવા કોઇપણ સેવા અથવા કુસેવા બજાવવા માટે અથવા બજાવવાનો પ્રયત્ન કરવા માટે જાણીતા અથવા રાજય કોઇપણ રાજય સેવકને લાંચ આપીને અથવા ગેરકાયદેસરના સાધનો દ્વારા લલચાવવા માટે અથવા બદલી તરીકે ગમે તે પ્રકારનું કોઇપણ તોષણ કોઇપણ વ્યકિત પાસેથી સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા સંમત થવા અથવા મેળવવાનો પ્રયત્ન કરે તે વ્યકિત, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડને પણ પાત્ર થશે.

૯. જે કોઇ વ્યકિત, પોતાના માટે, અથવા બીજી કોઇપણ વ્યકિત માટે, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા સંસદ કે કોઇ રાજય વિધાન-મંડળની અથવા કલમ ૨ ના ખંડ(ગ) માં ઉલ્લેખેલ સ્થાનિક સતા મંડળ, કોર્પોરેશન અથવા સરકારી કંપનીની અથવા જાણીતા કે અન્ય રાજય સેવકની કોઇ વ્યકિત ઉપર, કોઇ સરકારી કામ કરવા માટે અથવા કરવાનું અટકાવવા માટે અથવા આવા રાજય સેવકના સરકારી કામો કરીને, કોઇપણ વ્યકિતની તરફદારી અથવા વિરોધ દર્શાવવા માટે અથવા કોઇપણ સેવા અથવા કુસેવા બજાવવા અથવા ન બજાવવા માટે પ્રયત્ન કરવા કોઇપણ જાણીતા અથવા અન્ય રાજય સેવક અંગત વગ વાપરીને, લલચાવવાનો હેતુ કે બદલા તરીકે ગમે તે પ્રકારનું કંઇપણ તોષણ, કોઇપણ વ્યકિત પાસેથી સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા સમંત થાય અથવા મેળવવાનો પ્રયત્ન કરે, તે વ્યકિત, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડને પણ પાત્ર થશે.

૧૦. જે કોઇ વ્યકિત, રાજય સેવક હોય અને જેના સંબંધમાં કલમ.૮ અથવા ૯ માં વ્યાખ્યા કરેલ ગુના પૈકી કોઇ ગુનો થયેલ હોય તે વ્યકિત, ગુનાનું દુષ્પ્રેરણ કરે પછી તે ગુનો તે દુષ્પ્રેરણના પરિણામે થયો

હોય કે થયો જ હોય તો પણ તે છ મહિના થી ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને તે દંડને પણ પાત્ર થશે.

૧૧. જે કોઇ વ્યકિત, રાજય સેવક હોય અને, પોતાના માટે અથવા અન્ય કોઇ વ્યકિત માટે, આવા રાજય સેવકે કરેલી કે કરી રહયો હોય તેવી કોઇ કાર્યવાહી અથવા કામકાજમાં સંબંધ ધરાવતી હોવાનું અથવા ધરાવતી હોય અથવા ધરાવવાનો સંભવ હોવાનું જાણતી હોય અથવા તેના પોતાના અથવા તે જેના તાબામાં હોય તેવા કોઇ રાજય સેવકના સરકારી કામો સાથે કંઇપણ સંબંધ ધરાવતી હોય તેવી કોઇપણ વ્યકિત પાસેથી, અથવા એવી રીતે સંબંધ ધરાવતી વ્યકિતમાં હિત હોવાનું અથવા સંબંધ હોવાનું જાણતી હોય તેવી કોઇપણ વ્યકિત પાસેથી અવેજ સિવાય કે તે અવેજ અપુરતો હોવાનું પોતે જાણતી હોય તેવા અવેજ બદલ, કોઇ કિમતી વસ્તુ સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા સંમત થાય અથવા મેળવવા કોશિશ કરે, તે વ્યકિત, છ મિહના થી ઓછી ન હોય તેવી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડને પણ પાત્ર થશે.

૧૨. જે કોઇ વ્યકિત, કલમ.૭ અથવા ૧૧ હેઠળ શિક્ષાને પાત્ર કોઇ પણ ગુનાનું દુષ્પ્રેરણ કરે, પછી તે ગુનો દુષ્પ્રેરણ કરવાના પરિણામે થયો હોય કે થયો ન હોય તો પણ તે, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી, પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડને પણ પાત્ર થશે.

૧૩. (૧) કોઇ રાજય સેવકે નીચે પ્રમાણે કર્યુ હોય તો, ગુનાહિત ગેર વર્તનનો ગુનો કર્યાનું કહેવાય.

(ક) કોઇ વ્યકિત પાસેથી, પોતાના માટે અથવા અન્ય કોઇ વ્યકિત માટે, કલમ-૭માં જણાવ્યા પ્રમાણે હેતુ અથવા બદલા તરીકે, કાયદેસરના મહેનતાણા સિવાયનું કોઇ તોષણ વારંવાર સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા કબૂલ થાય અથવા મેળવવાનો પ્રયત્ન કરે અથવા

(ખ) કોઇ વ્યકિત પોતાના માટે, અથવા અન્ય કોઇ વ્યકિત માટે, પોતે કરેલી અથવા કરી રહયો હોય તેવી કોઇ કાર્યવાહીમાં અથવા કામકાજમાં સંબંધ ધરાવતી હોવાનું અથવા ધરાવવાની હોવાનું અથવા ધરાવવાનો સંભવ હોવાનું જાણતો હોય અથવા પોતાના કે પોતે જેના તાબામાં હોય તે રાજય સેવકના સરકારી કાર્યો સાથે સંકળાયેલ હોય તેવી કોઇપણ વ્યકિત પાસેથી અથવા એ રીતે સંબંધ ધરાવતી વ્યકિતનું હિત હોવાનું અથવા તેના સાથે સંબંધ હોવાનું જાણતી હોય તેવી કોઇપણ વ્યકિત પાસેથી, પોતાના માટે કે કોઇ વ્યકિત માટે, કંઇ અવેજ આપ્યા વિના અથવા અવેજ અપુરતો હોવાનું જાણતી હોય તેવી કોઇ કિમંતી વસ્તુ લે કે મેળવે અથવા લેવા સંમત થાય કે મેળવવાની કોશીશી કરે અથવા

(ગ) કોઇ વ્યકિત, રાજય સેવક તરીકે પોતાને સોપેલ અથવા પોતાના નિયંત્રણ હેઠળની કોઇ મિલકતનો અપ્રમાણિક રીતે અથવા કપટ પૂર્વક દુર્વિનિયોગ કરે અથવા અન્યથા તેને પોતાના ઉપયોગમાં લેવા માટે રૂપાંતર કરે અથવા અન્ય કોઇ વ્યકિતને તેમ કરવા દે અથવા

(ઘ) જો તે...

(૧) લાંચ આપીને અથવા ગેરકાયદેસર સાધન દ્વારા પોતાના માટે અથવા અન્ય કોઇ વ્યકિત માટે, કિંમતી વસ્તુ અથવા નાણાંકીય લાભ મેળવે, અથવા

(૨) રાજય સેવક તરીકેના પોતાના હોદ્વાનો દુરૂપયોગ કરીને, પોતાના માટે અથવા અન્ય કોઇ વ્યકિત માટે કોઇ કિમતી વસ્તુ અથવા નાણાંકીય લાભ મેળવે અથવા

(૪) રાજય સેવક તરીકેનો હોદ્રો ધરાવતી વેળા કોઇપણ વ્યકિત માટે, કંઇપણ જાહેર હિત સિવાય, કોઇ કિમતી વસ્તુ અથવા નાણાંકીય લાભ મેળવે અથવા

(ચ) જેના માટે રાજય સેવક નાણાંકીય સાધનોનો અથવા આવકના તેના જાણીતા સાધનો સાથે અપ્રમાણસર એવી મિલકતો સંતોષકારક હિસાબ આપી શકે નહિ તે, તેની અથવા તેના વતીની કોઇ વ્યકિતના કબજામાં હોય અથવા તેના હોદ્વાની મુદત દરમિયાન કોઇપણ સમયે કબજે મેળવ્યો હોય.

સ્પષ્ટીકરણ – આ કલમનો હેતુ માટે, ''આવકના જાણીતા સાધનો'' એટલે, કોઇ કાયદેસરના સાધનોમાંથી પ્રાપ્ત કરેલી આવક, અને આવી આવકની, રાજય સેવકને તત્સમયે લાગુ પડતા હોય તેવા કોઇ કાયદા, નિયમો અને હુકમોની જોગવાઇઓ અનુસાર જાણ કરેલી હોવી જોઇએ.

(૨) ગુનાહિત ગેરવર્તન કર્યુ હોય તેવો કોઇપણ રાજય સેવક, એક વર્ષથી ઓછી ન હોય તેટલી પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને તે દંડને પણ પાત્ર થશે.

૧૪. જે કોઇ વ્યકિત વારંવાર

(ક) કલમ ૮ અથવા કલમ.૯ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે અથવા

(ખ) કલમ ૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે.

તે વ્યકિત, બે વર્ષ થી ઓછી ન હોય તેટલી પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને તે દંડને પણ પાત્ર થશે.

૧૫. જે કોઇ વ્યકિત કલમ.૧૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ગ) અથવા ખંડ (ઘ) માં ઉલ્લેખલો ગુનો કરવાની કોશીશ કરે, તે ત્રણ વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.

૧૬. કલમ.૧૩ની પેટા કલમ(૨) અથવા કલમ.૧૪ હેઠળ દંડની સજા કરવામાં આવી હોય ત્યારે, દંડની રકમ ઠરાવતી વખતે, ન્યાયાલય, આરોપી વ્યકિતએ ગુનો કરીને મેળવેલી હોય તેવી રકમ અથવા મિલકતની કિંમત હોય તો તે અથવા કલમ.૧૩ની પેટા કલમ (૧)ના ખંડ (ચ) માં ઉલ્લેખેલા કોઇ ગુના માટે દોષિત ઠરેલ હોય ત્યારે જે નાણાંકીય સાધનો કે મિલકત માટે આરોપી વ્યકિત સંતોષકારક ખુલાસો આપી શકયો ન હોય તેવા તે ખંડમાં ઉલ્લેખેલા નાણાંકીય સાધનો અથવા મિલકતને, વિચારણામાં લેવા જોઇશે.

## પ્રકરણ-૪

## અધિનિયમ હેઠળના કેસોની તપાસ

૧૭. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં

(ક) દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટની બાબતમાં, પોલીસ ઇન્સ્પેકટરના

(ખ) મુંબઇ , કલકતા, મદ્રાસ અને અમદાવાદના મેટ્રોપોલીટન વિસ્તારમાં અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૮ ની પેટા કલમ (૧) હેઠળ હોય તે તરીકે જાહેર કરેલા અન્ય કોઇ મેટ્રોપોલીટન વિસ્તારમાં, મદદનીશ પોલીસ કમિશ્નરના.

(ગ) અન્યત્ર નાયબ પોલીસ સુપ્રન્ટેન્ડન્ટ અથવા સમકક્ષ દરજ્જાના પોલીસ અધિકારીના દરજ્જા થી ઉતરતા દરજ્જાના હોય તેવા કોઇ પોલીસ અધિકારી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા યથાપ્રસંગ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટના હુકમ વગર, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની તપાસ કરી શકશે નહિ અથવા તે માટે વગર વોરંટે કોઇની પણ ધરપકડ કરી શકશે નહિ.

પરંતુ પોલીસ ઇન્સપેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલીસ અધિકારીને સામાન્ય અથવા ખાસ હુકમ કરીને, આ અર્થે, રાજય સરકારે, અધિકૃત કર્યા હોય તો, તે યથાપ્રસંગ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટના હુકમ વગર, એવા કોઇપણ ગુનાની તપાસ કરી શકશે અથવા વોરંટ વગર તે માટે ધરપકડ કરી શકશે.

વધુમાં કલમ.-૧૩ ની પેટા કલમ(૧) ના ખંડ(ચ)માં ઉલ્લેખેલા કોઇ ગુનાની, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલીસ અધિકારીના હુકમ વગર, તપાસ કરી શકશે નહિ.

૧૮. મળેલી માહિતી ઉપરથી અથવા અન્યથા, જે પોલીસ અધિકારીને, કલમ.૧૭ હેઠળ ગુનાની તપાસ કરવાની સતા આપેલી હોય તેવો ગુનો થયાની શંકાનું કારણ હોય અને તેને એમ લાગે કે, એવા ગુનાની તપાસ અથવા ચોકસી માટે બેન્કરના ચોપડા તપાસવા જરૂર છે. તો તેવા પોલીસ અધિકારી, તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, જેટલે અંશે તે ગુનો કર્યો હોવાનો જેના ઉપર શક હોય તે વ્યકિતના અથવા તેના વતી નાણાં રાખતી હોવાની જેના ઉપર શંકા હોય તેવી બીજી કોઇ વ્યકિતના, હિસાબો સંબંધી હોય તેટલે અંશે, બેન્કરના ચોપડા તપાસી શકશે અને તેમાંથી સંબંધિત નોંધોની પ્રમાણિત નકલો લઇ શકશે અથવા લેવડાવી શકશે અને આ કલમ હેઠળ પોતાની સતા વાપરવામાં પોલીસ અધિકારીને સહાય કરવા માટે જે તે બેન્ક બંધાયેલી રહેશે.

પરંતુ પોલીસ સુપ્રન્ટેન્ડન્ટના દરજ્જાથી ઉતરતા દરજ્જાના કોઇ પોલીસ અધિકારી, કોઇ વ્યકિતના હિસાબો સંબંધી આ કલમ હેઠળ કોઇ સતા વાપરી શકશે નહિ સિવાય કે તેને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટના દરજ્જાના અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પોલીસ અધિકારીએ આ અર્થે ખાસ અધિકુત કરેલ હોય.

સ્પષ્ટીકરણ – આ કલમમાં ''બેન્ક અને ''બેન્કરના ચોપડા'' એ શબ્દ પ્રયોગોનો અર્થ, બેન્કર ચોપડા પુરાવા અધિનિયમ ૧૮૯૧માં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

પ્રકરણ-૫

ફોજદારી કામ ચલાવવા માટે મંજૂરી અને બીજી પ્રકીર્ણ જોગવાઇઓ

૧૯. (૧) કોઇપણ ન્યાયાલય, કોઇ રાજય સેવકે કરેલા હોવાનું કહેવાતું હોય તેવા, કલમો. ૭,૧૦,૧૧,૧૩ અને ૧૫ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની વિચારણા.

(ક) જે વ્યકિત, સંઘના કામકાજના સંબંધમાં નોકરીમાં હોય અને કેન્દ્ર સરકારની મંજુરીથી હોય તે સિવાય અથવા મંજૂરીથી તેના હોદ્રા ઉપરથી દૂર કરી શકાય નહિ તેવી વ્યકિતની બાબતમાં તે સરકારની.

(ખ) જે વ્યકિત, કોઇ રાજયના કામકાજના સંબંધમાં નોકરીમાં હોય અને જેને રાજય સરકારની મંજૂરીથી હોય તે સિવાય અથવા મંજૂરીથી તેના હોદ્રા ઉપરથી દૂર કરી શકાય નહી તેવી વ્યકિતની બાબતમાં તે સરકારની.

(ગ) અન્ય કોઇ વ્યકિતની બાબતમાં, તેનો હોદ્રા ઉપરથી તેને દૂર કરવાની સતા માટે સક્ષમ અેવા કોઇ સતાધિકારીની.

પૂર્વ મંજૂરી સિવાય કરી શકશે નહિ

(૨) ગમે તે કોઇપણ કારણસર, પેટા-કલમ (૧) હેઠળ જરૂરી એવી પૂર્વમંજૂરી, કેન્દ્ર સરકારે અથવા રાજય સરકારે અથવા બીજા કોઇ સતાધિકારીએ આપવી જોઇએ કે કેમ એ વિષે કોઇ શંકા ઉપસ્થિત થાય ત્યારે, જે સમયે ગુનો કર્યો હોવાનું કહેવાતું હતું તે સમયે, તે રાજય સેવકને તેના હોદ્રા ઉપરથી દૂર કરવા સક્ષમ ગણાત તે સરકારે અથવા સતાધિકારીએ એવી મંજૂરી આપવી જોઇએ.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં

(ક) ખાસ ન્યાયાધીશે કરેલ કોઇ નિર્ણય, સજા અથવા હુકમ, તે ન્યાયાલયના અભિપ્રાય મુજબ તેનાથી વાસ્તવમાં ન્યાયની નિષ્ફળતા સંભવિત બનતી હોય તે સિવાય, પેટા કલમ (૧) હેઠળ જરૂરી મંજૂરીના અભાવે કે તેમાં કોઇ ભૂલ, વર્જન અથવા નિયમબાહયતાના કારણે, અપીલ, બહાલી કે ફેરતપાસમાં તે ન્યાયાલયથી ફેરવી અથવા બદલી શકાશે નહિ.

(ખ) કોઇપણ ન્યાયાલય કોઇપણ ભૂલ, વર્જન અથવા નિયમબ્રાહયતા, ન્યાયની નિષ્ફળતમાં પરિણમી છે એવી ખાતરી થાય તે સિવાય, સતાધિકારીએ આપેલી મંજૂરીમાં આવી કોઇ ભૂલ, વર્જન અથવા નિયમ બાહયતાને કારણે, આ અધિનિયમ હેઠળની કાર્યવાહીઓ મોકૂફ રાખી શકશે નહિ.

(ગ) કોઇપણ ન્યાયાલય, બીજા કોઇ કારણે આ અધિનિયમ હેઠળ કાર્યવાહીઓ મોકૂફ રાખી શકશે નહિ અને કોઇપણ ન્યાયાલય, કોઇ તપાસ, ઇન્સાફી કાર્યવાહી, અપીલ, અથવા બીજી કાર્યવાહીઓમાં કરેલા વચગાળાના કોઇ હુકમના સંબંધમાં ફેર તપાસની સતા વાપરી શકશે નહિ.

(૪) પેટા-કલમ(૩) હેઠળ એવી મંજૂરીના અભાવે અથવા કોઇ ભૂલ, વર્જન કે નિયમ બાહયતાને લીધે ન્યાય નિષ્ફળ ગયો છે અથવા પરિણમ્યો છે કે કેમ તે નકકી કરતી વખતે ન્યાયાલયે, એ કાર્યવાહીના પ્રારંભના તબકકે કોઇ વાંધો ઉપસ્થિત કરી શકાય અથવા વાંધો ઉપસ્થિત કરવો જોઇએ કે કેમ તે હકિકત ધ્યાનમાં લેવી જોઇશે.

સ્પષ્ટીકરણ – આ લકમના હેતુઓ માટે-

(ક) ''ભૂલ'' માં, મંજૂરી આપવા માટે, સતા ધરાવનારની સક્ષમતાનો સમાવેશ થાય છે.

(ખ) ફોજદારી ફરીયાદ માટે જરૂરી મંજૂરીમાં, કોઇપણ જરૂરીયાતના એવા સંદર્ભનો સમાવેશ થાય છે કે, ફોજદારી કામ, નિદિષ્ટ ધરાવનારના કહેવાથી અથવા નિર્દિષ્ટ વ્યકિતની મંજૂરી થી અથવા તેવા જ પ્રકારની કોઇ જરૂરીયાતથી ફરીયાદ કરી હોવી જોઇશે.

૨૦. (૧) કલમ.૭ અથવા કલમ-૧૧ અથવા કલમ-૧૩ની કલમ(૧)ના ખંડ(ક) અથવા (ખ) હેઠળ શિક્ષાને પાત્ર કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માં એવું સાબિત થાય કે આરોપી વ્યકિતએ પોતાના માટે અથવા કોઇ અન્ય વ્યકિત માટે, કોઇપણ વ્યકિત પાસેથી (કાયદેસરના મહેનતાણાં સિવાયનું) કોઇ તોષણ અથવા કોઇ કિમતી વસ્તુઓ સ્વીકારી છે અથવા મેળવી છે અથવા સ્વીકારવા સંમત થયેલ છે અથવા મેળવવાની કોશીશ કરી છે ત્યારે, એથી વિરૂધ્ધનું સાબિત થાય તે સિવાય, એમ માની લેવામાં આવશે કે વ્યકિતએ યથાપ્રસંગ, તે તોષણ અથવા કિમતી વસ્તુ, કલમ-૭માં જણાવ્યા પ્રમાણેના હેતુ અથવા બદલા તરીકે અથવા યથાપ્રસંગ, કઇ અવેજ લીધા વીના અથવા અપૂરતો અવેજ હોવાનું જાણીને આપી છે અથવા આપવાની તૈયારી બતાવી છે અથવા આપવાની કોશીશ કરી છે.

(૩) પેટાકલમો(૧) અને (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાલયને પોતાના અભિપ્રાય મુજબ એમ લાગે કે, ઉપર્યુકત તોષણ અથવા વસ્તુ એવી મામૂલી છે કે તે ઉપરથી લાંચ લીધાનું અનુમાન વાજબી રીતે કરી શકાશે નહિ તો, સદરહુ બે માંથી કોઇપણ પેટા કલમમાં ઉલ્લેખેલી બાબત માની લેવાની ના પાડી શકશે.

૨૧. આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર કોઇ ગુનાનું તહોમત મૂકવામાં આવ્યું હોય તેવી કોઇ વ્યકિત, બચાવ માટેના સક્ષમ સાક્ષી તરીકે ગણાશે અને પોતાની સામે અથવા તે જ ઇન્સાફી કાર્યવાહીમાં તેની સાથે જેના ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય તે વ્યકિત સામે મૂકાયેલા તહોમતોને ના સાબિત કરવા માટે સોગંદ ઉપર જુબાની આપી શકશે.

પરંતુ

(ક) તેની પોતાની વિનંતી થી હોય તે સિવાય, સાક્ષી તરીકે તેને બોલાવી શકાશે નહિ

(ખ) પુરાવો આપવાની તેની નિષ્ફળતાને ,ફરીયાદ પક્ષ તરફથી કોઇ ટીકાનો વિષય બનાવી શકાશે નહિ અથવા તેની વિરૂધ્ધ અથવા એ જ ઇન્સાફી કાર્યવાહીમાં તેની સાથે તહોમતદાર હોય તે વ્યકિત વિરૂધ્ધ કંઇ માની લેવાનું ઉપસ્થિત કરી શકાશે નહિ.

(ગ) જેના માટે તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે ગુના સિવાયનો કોઇ ગુના તેણે કર્યો છે અથવા તેવા ગુના માટે તે દોષિત ઠર્યો છે અથવા તે ખરાબ ચરિત્રયનો છે એવું સૂચવતો કોઇ સવાલ તેને પૂછી  શકાશે નહિ અને પૂછવામાં આવે, તો તેનો જવાબ આપવાની તેને ફરજ પાડી શકાશે નહિ, સિવાય કે.

(૧) તેણે એવો ગુનો કર્યાની અથવા એવા ગુના માટે તે દોષિત ઠર્યો હોવાની સાબિતી, તેના ઉપર જે ગુનાનું તહોમત મૂકવામાં આવ્યું હોય તે ગુના માટે તે દોષિત છે એવું બતાવવા માટેના ગ્રાહય પુરાવો હોય અથવા

(૨) તેણે પોતે અથવા તેના વકીલ મારફત પોતાનું સારું ચારિત્રય પુરવાર કરવાની દષ્ટિએ ફરીયાદ પક્ષના કોઇ સાક્ષીને કોઇ સવાલ પૂછયો હોય અથવા પોતાના સારા ચારિત્રયનો પુરાવો આપ્યો હોય અથવા બચાવનો પ્રકાર કે બચાવ કરવાની રીત એવી હોય કે તેનાથી ફરીયાદ પક્ષના કે ફરીયાદ પક્ષના સાક્ષીના ચારિત્રય ઉપર દોષારોપણ થતું હોત અથવા

(૩) તેણે, એવા જ ગુનાનું તહોમત મૂકાયેલી બીજી કોઇ વ્યકિત વિરૂધ્ધ જૂબાની આપેલી હોય.

૨૨. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની જોગવાઇઓ, આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર ગુનાના સંબંધમાં કોઇ કાર્યવાહીને લાગુ પડતી વખતે, એવી રીતે અમલ થશે જાણે કે,

(ક) કલમ. ૨૪૩ની પેટા કલમ(૧)માં ''ત્યાર પછી આરોપીને પોતાનો બચાવ શરૂ કરવા અને પોતાનો પુરાવો રજુ કરવાનું ફરમાવવું જોઇશે'' એ શબ્દોને બદલે, '' ત્યારપછી, આરોપીને તરતજ અથવા ન્યાયાલય તેને છૂટ આપે તેટલા સમયમાં પોતે જેને પોતાના સાક્ષીઓ તરીકે તપાસવા માંગતો હોય એવી વ્યકિતઓ (કોઇ હોય તો ) તેની અને પોતે જેના ઉપર આધાર રાખવા માંગતો હોય એવા દસ્તાવેજો (કોઇ હોય તો) તેની લેખિત યાદી આપવા ફરમાવવું જોઇશે અને ત્યારપછી પોતાનો બચાવ શરૂ કરવા અને પોતાનો પુરાવો રજૂ કરવા ફરમાવવું જોઇશે'' એ શબ્દો મૂકવામાં આવ્યા હોય તેમ.

(ખ) કલમ ૩૦૯ ની પેટા કલમ (૨) માં ત્રીજા પરંતુક દાખલ કર્યો હોય તેમ :-

''વધુમાં એવી કાર્યવાહીના કોઇ પક્ષકારે કલમ.૩૯૭ હેઠળ અરજી કરેલી હોય એ જ કારણે કાર્યવાહી મોકૂફ કે મુલતવી રાખવી શકાશે નહિ.''

(ગ) કલમ.૩૧૭ ની પેેટા-કલમ(૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરી હોય તેમ-

''(૩) પેટા કલમ(૧) અથવા પેટા કલમ(૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાધીશ, પોતાને યોગ્ય લાગે તો અને પોતે કારણોની લેખિત નોંધ કરીને, આરોપીની અથવા તેના વકીલની ગેરહાજરીમાં

તપાસ અથવા ઇન્સાફી કાર્યવાહી કરી શકશે અને સાક્ષીની ઉલટ તપાસ માટે પાછો બોલાવવાના આરોપીના હકને અધીન રહીને, કોઇપણ સાક્ષીનો પુરાવો નોંધી શકશે.''

(ઘ) કલમ. ૩૯૭ ની પેટા કલમ(૧)માં સ્પષ્ટીકરણ પહેલાં, નીચેનો પરંતુક દાખલ કરેલો હોય તેમ-

'' પરંતુ એવી કાર્યવાહીના કોઇ પક્ષકારે કરેલી અરજી ઉપરથી, કોઇ ન્યાયાલયે, આ કલમ હેઠળની સતા વાપરી હોય ત્યારે ન્યાયાલય, સામાન્ય રીતે –

(ક) કાર્યાવહીનું રેકર્ડ શામાટે ન મંગાવવું તેનું કારણ દર્શાવવાની બીજા પક્ષકારને તક આપ્યા વિના, અથવા

(ખ) જો તેને એમ ખાતરી થાય કે કાર્યવાહીના રેકર્ડની તપાસ, તેની પ્રમાણિત નકલો ઉપરથી થઇ શકશે, તો – કાર્યવાહીનું રેકર્ડ મંગાવશે નહિ. ''

૨૩. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ. ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં કલમ.૧૩ ની પેટા કલમ(૧)ના ખંડ(ગ) હેઠળના કોઇ ગુના માટે આરોપી ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય ત્યારે, તહોમતનામામાં જે મિલકત અંગે ગુનો કર્યો હોવાનું કહેવાતું હોય તે મિલકત અને જે તારીખો વચ્ચે ગુનો કર્યો હોવાનું કહેવાતું હોય તે તારીખો, ખાસ વિગતો અથવા ચૌકકસ તારીખો દર્શાવ્યા વિના વર્ણવવામાં આવે તો, તે પૂરતું ગણાશે અને એવી રીતે તૈયાર કરેલું તહોમતનામું સદરહું અધિનિયમની કલમ.૨૧૯ના અર્થ મુજબ એક જ ગુનાનું તહોમતનામું છે એમ ગણાશે.

પરંતુ એવી પહેલી અને છેલ્લી તારીખો વચ્ચેનો સમય, એક વર્ષ થી વધુ હોવો જોઇશે નહિ.

૨૪. તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, કલમો ૭ થી ૧૧ હેઠળના અથવા કલમ.૧૩ હેઠળના અથવા કલમ.૧૫ હેઠળના કોઇ ગુના માટે કોઇ રાજયસેવક સામેની કોઇપણ કાર્યવાહીમાં કોઇ વ્યકિતએ, એવું કથન કર્યું હોય કે પોતે, તે રાજય સેવકને (કાયદેસરના મહેનતાણા સિવાય) કોઇ તોષણ અથવા કિમતી વસ્તુ આપવાની તૈયારી અથવા આપવાની સંમતિ બતાવી હતી તો તેવા કથન ઉપરથી, એવી વ્યકિત સામે, કલમ.૧૨ હેઠળ ફોજદારી કામ ચલાવી શકાશે નહિ.

૨૫. (૧) આ અધિનિયમમાંના કોઇપણ મજકૂરથી, સેના અધિનિયમ, ૧૯૫૦, હવાઇદળ અધિનિયમ, ૧૯૫૦ નૌકાદળ અધિનિયમ ૧૯૫૭, સીમા સુરક્ષાદળ અધિનિયમ ૧૯૬૮, તટરક્ષક અધિનિયમ ૧૯૭૮ અને રાષ્ટ્રીય સલામતી રક્ષક અધિનિયમ ૧૯૮૬ હેઠળ, કોઇ ન્યાયાલય અથવા અન્ય સતામંડળ વાપરી શકે તેવી હકૂમતને અથવા ન્યાયાલય કે અન્ય સતા મંડળને લાગુ પાડી શકાય તેવી કાર્યરીતિને બાંધ આવશે નહિ.

(૨) શંકાના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે, પેટા કલમ(૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેના કોઇપણ કાયદાના હેતુઓ માટે, ખાસ ન્યાયાધીશનું ન્યાયાલય સામાન્ય ફોજદારી ન્યાયનું ન્યાયાલય છે એમ ગણાશે.

૨૬. કોઇપણ વિસ્તાર કે વિસ્તારો માટે ફોજદારી કાયદા સુધારા અધિનિયમ, ૧૯૫૨ હેઠળ નિમાયેલ અને આ અધિનિયમના આરંભે હોદ્દા ઉપર હોય તેવો દરેક ન્યાયાધીશ, આ અધિનિયમની કલમ.૩ હેઠળ તે વિસ્તાર કે વિસ્તારો માટે નિમાયેલ ખાસ ન્યાયાધીશ છે એમ ગણાશે અને તદ્નુસાર એવા આરંભે અને આરંભથી આવા ન્યાયાધીશે, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર, એવા આરંભ વખતે પોતાની સમક્ષની અનિર્ણીય તમામ કાર્યવાહીઓની તજવીજ કરવાનું ચાલું રાખવું જોઇએ.

૨૭. આ અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને, ઉચ્ચ ન્યાયાલય, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ. ૧૯૭૩ થી ઉચ્ચ ન્યાયાલયને મળેલ અપીલ અને ફેર તપાસની તમામ સતા, જાણે કે ખાસ ન્યાયાધીશનું ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલયની સ્થાનિક હોદ્દામાં કેસોની ઇન્સાફી કાર્યવાહી ચલાવતું સેશન્સ ન્યાયાલય હોય તેમ વાપરી શકશે.

૨૮. આ અધિનિયમની જોગવાઇઓ, તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનું અલ્પીકરણ કરી શકાશે નહિ અને એમાંના કોઇપણ મજકૂરથી, કોઇપણ રાજય સેવક સામે, આ અધિનિયમ સિવાય માંડી શકાય તેવી કોઇ કાર્યવાહીમાંથી તેને મુકિત મળશે નહિ.

૨૯. ફોજદારી કાયદા સુધારા વટહુકમ, ૧૯૪૪માં-

(ક) કલમ ૩ ની પેટા કલમ (૧)માં, કલમ-૯ની પેટા કલમ (૧)માં, કલમ.૧૦ના ખંડ(ક)માં, કલમ.૧૧ની પેટા કલમ (૧)માં અને કલમ.૧૩ની પેટા કલમ(૧)માં, ''રાજય સરકાર'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં ત્યાં તેને બદલે, '' યથાપ્રસંગ, રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર'' એ શબ્દો મૂકવા.

(ખ) કલમ. ૧૦માં , ખંડ (ક) માં, '' ત્રણ મહિના'' એ શબ્દોને બદલે, '' એક વર્ષ '' એ શબ્દો મૂકવા.

(ગ) અનુસૂચિમાં-

(૧) પરિચ્છેદ ૧ કમી કરવો.

(૨) પરિચ્છેદ ૨ અને ૪ માં.-

(ક) '' સ્થાનિક સતા મંડળ'' એ શબ્દો પછી '' અથવા કેન્દ્રના, પ્રાન્તના અથવા રાજયના અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપેલ કોઇ કોર્પોરેશન અથવા સરકારની કે કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ-૬૧૭માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની સરકારી કંપનીની માલિકીના અથવા નિયત્રણ હેઠળના અથવા સહાય મેળવતા કોઇ સતા મંડળ અથવા મંડળ અથવા આવા કોર્પોરેશન, સતા મંડળે અથવા સરકારી કંપનીએ સહાય આપેલ કોઇ મંડળી' એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

(ખ) ''અથવા સતા મંડળ'' એ શબ્દો પછી, '' અથવા કોર્પોરેશન અથવા મંડળ અથવા સરકારી કંપની અથવા મંડળી'' એ શબ્દો દાખલ કરવા.

(૩) પરિચ્છેદ ૪-ક ને બદલે, નીચેનો પરિચ્છેદ મૂકવો.

''૪-ક. ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો.''

(૪) પરિચ્છેદ ૫ માં, '' બાબતો ૨,૩ અને ૪'' એ શબ્દો અને આંકડાને બદલે, ''બાબતો ૨,૩,૪ અને ૪-ક'' એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા.

૩૦. (૧) ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ, ૧૯૪૭ અને ફોજદારા કાયદા સુધારા અધિનિયમ, ૧૯૫૨ આથી રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૯૭ ની કલમ.૬ લાગુ પડવાને બાધ આવ્યા સિવાય, આ રીતે રદ થયેલ અધિનિયમ હેઠળ અથવા તે અનુસાર, કરેલ અથવા લીધેલ અથવા કરેલ અથવા લીધેલ હોવાનું અભિપ્રેત હોય તેવું કોઇપણ કાર્ય અથવા પગલું આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમની તત્સમાન જોગવાઇઓ હેઠળ અથવા તે અનુસાર કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

૩૧. ભારતના ફોજદારી અધિનિયમની કલમ.૧૬૧ થી ૧૬૫-ક (બંને સહિત) કાઢી નાખવી અને સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૯૭ ની કલમ.૬, કેન્દ્ર અધિનિયમથી સદરહું કલમો રદ કરવામાં આવી હોય તેમ કાઢી નાખવાને લાગુ પડશે.